તાપમાન
મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૧ | ૧ જુલાઈ, ૨૦૧૬, શુક્રવાર ; જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અફઘાનમાં બે તાલિબાની બોંબરો ત્રાટક્યા

## ૪૦થી વધુના મોત : અફઘાનિસ્તાનમાં રક્તપાતનો દોર યથાવત : તાલિબાની ત્રાસવાદીઓએ ફરીવાર હાજરી પુરવાર કરી : હાલમાં ગ્રેજ્યુએટ થયેલા કેડેટને લઇને જતી ત્રણ બસને ટાર્ગેટ બનાવીને ભીષણ હુમલો કરાયો

કાબૂલ,તા. ૩૦

અફઘાનિસ્તાનના હિંસાગ્રસ્ત કાબૂલના પશ્ચિમી પરા વિસ્તારમાં હાલમાં જ ગ્રેજ્યુએટ થયેલા કેડેટને લઈને જતી બસ ઉપર આજે બે તાલીબાની આત્મઘાતી બોંબરોએ ભીષણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૪૦થી વધુ જવાનોના મોત થયા છેઅને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલાઓ પૈકી ઘણા ગંભીર જણાવવામાં આવ્યા છે. કાબૂલના પશ્ચિમી પરા વિસ્તારમાં કરાયેલા આ હુમલા બાદ ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. તાલીબાને આ હુમલો કરીને ફરી એકવાર મોટો પડકાર ફેંક્યો છે. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, પ્રાથમિક તપાસ મુજબ ત્રણ બસને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો. આ બસ વાર્ડક પ્રાંતથી અફઘાનના પાટનગર તરફ આવી રહી હતી. બે આત્મઘાતી બોંબરો ભીષણ હુમલામાં સામેલ હતા. મોટી ખુવારી થઈ છે. નામ જાહેર નહીં





કરવાની શરતે અધિકારીઓએ કહ્યું છે કે, નેપાળી સુરક્ષા ગાર્ડને ટાર્ગેટ બનાવીને ૧૦ દિવસ પહેલા જ ભીષણ હુમલો કરાયો હતો જેમાં ૧૪ લોકોના મોત થયા હતા. કાબૂલમાં કેનેડિયન દૂતાવાસ માટે કામ કરતા નેપાળી સુરક્ષા ગાર્ડને લઈ જતી બસ ઉપર આ હુમલો કરવામાં આવ્યો હતો. એપ્રિલ મહિનામાં પણ સુરક્ષા સર્વિસની સુવિધાઓ ઉપર તાલિબાની દ્વારા હુમલો કરાયો હતો જેમાં ૬૪ લોકોના મોત થયા હતા.

# સ્વિસ બેંકોમાં ભારતીયોની રકમ રેકોર્ડ નીચી સપાટીએ

## ૨૦૧૫ના અંત સુધીના તમામ આંકડા જારી કરવામાં આવ્યા : સ્વિસની બેંકો ઉપર વિશ્વના દેશોનું હવે દબાણ

નવીદિલ્હી, તા. ૩૦

સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા જાળવી રાખવામાં આવેલી રકમમાં એક તૃતિયાંશનો ઘટાડો થયો છે. આની સાથે જ ભારતીયોના નાણા એક તૃતિયાંશ સુધી ઘટીને ૧.૨ અબજ ફ્રેંક અથવા તો ૮૩૯૨ કરોડ રૂપિયા થઈ ગયા છે. સ્વિત્ઝર્લેન્ડની બેંકિંગ વ્યવસ્થાની જાણિતી ગુપ્ત દિવાલ ઉપર વૈશ્વિક પ્રહારો થઈ રહ્યા છે. વિશ્વના દેશો સ્વિસ બેંકોમાં હવે પોતાના નાગરિકોના નાણાની તપાસ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં સંપત્તિમાં ઘટાડો થયો છે. દેશની સેન્ટ્રલ બેંકિંગ ઓથોરિટી (સ્વિસ નેશનલ બેંક) દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા જાળવી રાખવામાં આવેલી રકમ હવે સૌથી નીચી સપાટીએ પહોંચી છે. ૧૯૯૭માં ડેટા પબ્લિક કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

# કેન્દ્ર સરકાર અને સંગઠનમાં ધરખમ ફેરફારના ભણકારા

## જુલાઈમાં પ્રથમ સપ્તાહમાં જ મોટાપાયે ફેરફારો કરવામાં આવશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાર દેશોની યાત્રા ઉપર જતા પહેલા ફેરફાર કરાશે

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટ અને ભાજપ સંગઠનમાં ટુંક સમયમાં જ મોટા ફેરફારનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં જ કેબિનેટ અને ભાજપ સંગઠનમાં મોટા પાયે ફેરફાર થઈ શકે છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં મોદી ચાર દેશોની વિદેશ યાત્રાએ જઈ રહ્યા છે. આ યાત્રા પહેલા ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા છે. ભાજપના સુત્રોએ કહ્યુ છે કે મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ હાલમાં આ બન્ને ફેરફાર સાથે જોડાયેલી યાદી પર કામ કરી રહ્યા છે. આ અગાઉ પણ એવી અટકળો ચાલી રહી હતી કે મોદી અફઘાનિસ્તાન, કતાર, સ્વીસ અને અમેરિકા તેમજ મેક્સિકોની યાત્રાથી નવમી જુનના દિવસે પરત ફર્યા બાદ તરત કેબિનેટમાં ફેરફાર કરવામાં આવશે. જો કે આ અટકળો ખોટી સાબિત થઈ હતી. મોદી અને અમિત શાહ જ તેના માટે નામ અને સમયના સંબંધમાં નિર્ણય કરી શકે છે. એવા સંકેત મળી રહ્યા છે કે કેબિનેટમાં

● અનુસંધાન પાન-૭ પર

# તેજી અવિરત જારી : સેંસેક્સ ફરી ૨૭૦૦૦ની સપાટી પર પહોંચ્યો

મુંબઈ, તા. ૩૦

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે જોરદાર તેજી રહી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન નિફટીમાં જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૫૯ પોઈન્ટ ઉછળીને ૨૭૦૦૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફટી ૮૪ પોઈન્ટ ઉછળીને ૮૨૮૧ની સપાટીએ રહ્યો હતો. ૨૩મી ઓક્ટોબર ૨૦૧૫ બાદથી સૌથી ઉંચી સપાટી નિફટીમાં જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧-૧.૩ ટકા વચ્ચેનો સુધારો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્થ ખુબ જ મજબૂત રહી હતી. ૧૬૦૮ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૦૦૩ શેરમાં મંદી રહી હતી. મોનસુનની પ્રગતિ હજુ સુધી સારી રહી છે.

યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનની બાદબાકીની અસર હવે ઘટી રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો ખરીદદાર તરીકે બન્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારના દિવસે ૧૦૩ કરોડની ઈક્વિટીની ખરીદી કરી હતી.





કોમી સદભાવના માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા સેવાદળના બે કાર્યકરો વસંત રાવ હેગીસ્ટ અને રઝબઅલી લાખાણી અને વસંત-રઝબ તરીકે ઓળખાતી આ શાહિદ બેલડીની આજે પુણ્ય તિથિ છે... ૧૯૪૬ના કોમી રમખાણ દરમિયાન અમદાવાદના જમાલપુર ખાતે સામસામા આવી ગયેલા બે ઝનૂની ટોળાને શાંત પાડવાનો પ્રયાસ કરવા જતા વસંત-રઝબ ખુદ આ ઝનૂની ટોળાનો ભોગ બન્યા હતા... ઐતિહાસિક બની ગયેલા વસંત-રઝબના સ્મરણોની હૃદયસ્પર્શી વાત આ તસવીરો કરી રહી છે... તેમની કુરબાનીના સાત દાયકા વીતવા આવ્યા ત્યારે શહેરના ગોમતીપુર સ્થિત ચારતોડા કબ્રસ્તાનના એક ખૂણામાં રઝબ ની કબર મળી આવી છે. તો બીજી તરફ વસંતના પરિવારે જાળવી રાખેલા શહીદના પગરખાં જણાય છે. વસંતના પરિવાર દ્વારા દાયકાઓ સુધી તેનું એકમાત્ર સંભારણું અને હત્યા સમયે જેના પરથી વસંત ની ઓળખ થઈ શકી તેવા તેના પગરખાં આજે ગાયકવાડ હવેલીમાં નિર્માણ પામેલા વસંત-રઝબ સ્મારકને ભેટ આપી દેતા આ પગરખાં અહીં પ્રદર્શિત કરાયા છે. આજે કોમી એખલાસનો સંદેશો આપનાર વસંત-રઝબને તેમના શહિદ દિને સલામ

# કૌભાંડકારી ચંપાવતના આક્ષેપ ખોટા : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ચંપાવતે મારા ઉપર આવા ખોટા આક્ષેપો કરીને મારી સામાજિક અને રાજકીય છબીને બદનામ કરવાની નિમ્નકક્ષાની પ્રવૃત્તિ કરી છે

અમદાવાદ, તા.૩૦

તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સુત્રધાર આરોપી કલ્યાણસિંહ ચંપાવત જેલમાંથી બહાર આવ્યા પછી પોતો આચરેલા કૌભાંડ ઉપર ઢાંક પીછાડો કરવા અને પોતાની જાતને આ તલાટી કૌભાંડમાંથી નિર્દોષ સાબિત કરવા માટે તથા પોતે આરોપી નથી પરંતુ બીજાના ઈશારે તેણે આ કૌભાંડ આચર્યું છે તેવું જનતા સમક્ષ પુરવાર કરવા માટે તેણે મારા ઉપર પાયા વગરના બેબુનિયાદ આક્ષેપો કર્યા છે, સત્યથી વેગળા છે અને ૧૦ દિવસમાં આ આક્ષેપો પરત નહીં ખેચે તો બદનક્ષીનો કેસ કરવા તથા કાયદેસરની કાર્યવાહી કરવાની શિક્ષણ મંત્રી ચુડાસમાએ કૌભાંડી ચંપાવતને ચેતવણી આપી છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જાહેર જીવનમાં મારી ૪૫ વર્ષની કારકિર્દી નિષ્કલંક રહી છે. કોઈના ઈશારે ચંપાવતે મારી સામે કરેલા આક્ષેપો પાયા વિહોણા અને તદન ખોટા છે. ચંપાવતે મારા ઉપર આવા ખોટા આક્ષેપો કરીનો મારી સામાજિક અને રાજકીય છબીને બદનામ કરવાની નિમ્નકક્ષાની પ્રવૃત્તિ કરી છે, જે કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં નહીં આવે. મંત્રીએ ગુજરાતના શાણા અને સમજુ નાગરિકોને પણ મારા ઉપરના પાયા વિહોણા આક્ષેપો નકારવા અનુરોધ કર્યો હતો.

# રાજ્યમાં વરસાદના વિલંબથી વાવણી ૮૦ ટકા સુધી ઘટી

## માત્ર ૫.૫૫ લાખ હેક્ટરમાં વાવણી થઈ : ગયા વર્ષે આ ગાળા દરમિયાન કુલ ૨૯.૦૪ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી કરવામાં આવી ચુકી હતી

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભાગમાં મોનસુનના આગમનમાં વિલંબ થતાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. મોનસુનમાં વિલંબ થતાં વાવણીમાં ૮૦ ટકાનો ઘટાડો થયો છે. આ સિઝનમાં પણ વાવણી ૮૦ ટકા હજુ સુધી ઓછી રહેતા મોંઘવારીની સ્થિતિ યથાવત રહે તેમ માનવામાં આવે છે. ઉત્પાદનમાં પણ ઘટાડો થઈ શકે છે. આ વર્ષે ખરીફ પાકની સાથે વાવણી હજુ સુધી ૫.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં જ થઈ છે. ગયા વર્ષે આસમય સુધીમાં ૨૯.૦૪ લાખ હેક્ટરમાં વાવણી થઈ હતી. ખરીફ સિઝન દરમિયાન જુદા જુદા પાકની વાવણી ગુજરાતમાં ૮૬.૭૮ લાખ હેક્ટર વિસ્તારમાં રહી હતી. રાજ્યના કૃષિ વિભાગના અધિકારીઓ પાસેથી આંકડામાં દર્શાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર પ્રદેશમાં એક વખતે મોનસુનની એન્ટ્રી થઈ ગયા બાદ ખરીફ વાવણીની પ્રક્રિયા વધુ ઝડપી બનશે. હજુ સુધી ૫.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે જે પૈકી ૫૦ ટકા વાવણી સૌરાષ્ટ્ર પ્રદેશમાં થઈ છે. કૃષિ વિભાગના અધિકારીઓના કહેવા મુજબ રાજ્યમાં ખેડૂતો મોનસુની ઝાપટાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આ વર્ષે હજુ સુધી ખેડૂતો માટે પુરતા વરસાદની સ્થિતિ રહી નથી. વાવણીને લઈને ખેડૂત સમુદાય પણ ચિંતાતુર છે. ગયા વર્ષે ઓછા વરસાદના પરિણામ સ્વરુપે રાજ્યના બંધમાં પણ ખુબ ઓછુ પાણી રહ્યું છે. કચ્છ સાથે દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સૌથી ઓછી વાવણી થઈ છે. આંકડા પરથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. દક્ષિણ ગુજરાતના ૧૬૪૦૦ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે. કચ્છમાં ૨૯૫૦૦ હેક્ટર વિસ્તારમાં કૃષિ પ્રવૃત્તિ જોવા મળી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ વાવણી પ્રવૃત્તિ પૈકી ૬૦ ટકા કપાસ પાક માટેની છે જ્યારે ૧.૦૮ લાખ હેક્ટરમાં મગફળી માટે વાવણી કરવામાં આવી છે.

જો કે, મગફળી અને કપાસની વાવણીના ક્ષેત્ર ૨૦૧૫માં માત્ર ૧૮ ટકા હતા. ગયા વર્ષે મગફળી અને કપાસની વાવણી ૨૩.૫૯ લાખ હેક્ટર વિસ્તારમાં થઈ હતી. આ વર્ષે ૪.૩૫ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે. ખેડૂતો ખુબ જ ઉત્સુકતાપૂર્વક વરસાદની રાહ જોઈ રહ્યા છે. રાજ્ય સરકાર પણ આશાવાદી બનેલી છે. કેન્દ્ર સરકારને પણ ઈંતજાર છે. આ વખતે હવામાન વિભાગ અને ખાનગી હવામાન સંસ્થા દ્વારા સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી કરવામાં આવેલી છે.

# રાજ્યના ૫૭ તાલુકામાં નોંધનીય વરસાદ

## બેચરાજીમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો : ત્રણ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ : ૧૮ તાલુકામાં ૧ ઇંચથી વધારે વરસાદ

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતભરમાં અનેક વિસ્તારોમાં નોંધનીય વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો રાજ્યના ૫૭થી વધુ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે જ્યારે ૧૫૧ તાલુકાઓમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. વડગામ, ઉંઝા, બેચરાજીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. મહેસાણા જિલ્લાના બેચરાજીમાં ૬૫ મીમી વરસાદ થયો છે જ્યારે બનાસકાંઠા જિલ્લાના વડગામમાં ૫૨મીમી વરસાદ થયો છે. ત્રણ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના લાખણી, દાંતા, ખેડબ્રહ્મા, સતલાસણા, ખાનપુર, જસદણ, મોરબી, ધ્રોલ, અમરેલી, પાલિતાણા, બોટાદ, સુરત શહેર, જલાલપોર, નવસારી, પારડી અને વલસાડ સહિત ૧૮ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે ૩૫ તાલુકાઓમાં અડધો ઈંચ વરસાદ થયો છે. ફ્લડ કન્ટ્રોલ પાસેથી પ્રાપ્ત આંકડા મુજબ રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદ થયો છે. રાધનપુરમાં ૨૦મીમી, શંખેશ્વરમાં ૨૦મીમી, સિદ્ધપુરમાં ૨૦ મીમી વરસાદ થયો છે. લાખણીમાં ૩૧ મીમી વરસાદ થયો છે. ખેરાલુ, વડનગર, વિજાપુરમાં પણ વરસાદ થયો છે. પૂર્વ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં ધોલેરા, વડોદરા જિલ્લાના વાઘોડિયામાં પણ હળવો વરસાદ થયો છે. માંગરોળ, પલસાણામાં પણ વરસાદ થયો છે. હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલી આગાહી મુજબ આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

અમદાવાદ શહેરમાં આવતીકાલે વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક ભાગોમાં હળવો વરસાદ નોંધાયો છે. વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી વરસાદ ન પડતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

# માનસિક વિકલાંગ બાળકો માટે આઈ.ટી.આઈ.માં પ્રવેશ જાહેરાત

'સાધના' પેરેન્ટ્સ એસોસઈએશન ઓફ મેન્ટલી ચેલેન્ઝડ પર્સન્સ, ગાંધીનગર અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર સંચાલિત માનસિક વિકલાંગ બાળકો માટે કૌશલ્ય વર્ધન કેન્દ્ર (સરકાર માન્ય)માં ઓગસ્ટ-૨૦૧૬થી શરૂ થતાં નીચેના કોર્સમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ માટે તા. ૫/૭/૨૦૧૬ સુધીમાં અરજીઓ માગવામાં આવે છે. આ માટે સ્પેશ્યલ એજ્યુકેટર મેઈલ-૧ અને ફીમેઈલ-૧ (ડીગ્રી અથવા ડીપ્લોમા ઈન એમ.આર.)ની જરૂરિયાત છે. અનુભવી તેમજ આઈ.ટી.આઈ. કરેલ ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. તા. ૫/૭/૨૦૧૬ સુધીમાં અરજી કરવી. વધુ વિગતો માટે ૯૮૯૮૫૯૪૩૫૦ અને ૯૮૭૯૫૪૬૭૬૬ પર સંપર્ક કરવો.

૧. Paper Bag Making - ૬ માસ
૨. Envelope Making - ૬ માસ